Rec. 12-3-21
Reg. No: 91
8-4-1921
II
1921
181

૭૮૬

અલ્લાહો અકબર

સરકારે મદીનાના દરબારે આલીમાં

ફરયાદ તથા અર્જ

અને

ગુજરાતના મુસલમાનભાઇઓની ખીદમતમાં

અપીલ.

...પીઠ ગ્રંથાલય
...દાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૯૨૯૨

સુરત લીમડાચોકમાં આવેલા "દેશી મિત્ર" પ્રેસમાં મગનલાલ
વનમાળીદાસે છાપી.

છપાવનાર:—
અહમદ બીન સૈયદ મુસ્તુફા અલ એદરૂસ.
ઠે. સૈયદવાડા—સુરત.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ८२७२ तारीख

पुस्तकनुं नाम સરકાર મહીવાવા
દરબારે આવનારાઓ

विषय ૫૭:૪૧

સબ્જ ગુમ્બજ કે નીચે આરામ લેનેવાલે
સરદારે દો જહાંસે ખેતાબ.

અય તબીબે અજમ અય મસીહે અરબ—લે રહે હૈં સબ.હી
તેરે જાં બ લબ

અહલે ઈસલામકા આખેરી વક્ત હૈ—દર્દે ઈસલામ અબ લા
દવા હો ગયા

તેરી ઉમ્મત ભટકતી હૈ અબ દર બદર—આહ મીલતી નહિં
કોઈ રાહે સફર

રાહબર નાગહૈં સબ બનગએ રાહઝન—ખીઝ્ર ગુમરાહ કા
રહનુમા હો ગયા

દુશમને જાં હમારે બને ચારહગર—ચારહસાઓંને બદલી હૈ
હમસે નજ.ર

કેસકો માઅલુમ હૈ હમપે ક્યા બન ગઈ? કેસકો પુછેં
હમેં આહ ક્યા હો ગયા?

દારૂલઈસલામ નામાલે અગયાર હૈ—અર્ઝે પાકે હરમ વકફે
અહબાર હૈ

દીન દફાબે લુટી શૌકત ઈસ્લામકી—ચેહ જુદાકી જુદાઈ મેં
ક્યા હો ગયા

મુનતઝ.ર હૈ ય નવીદે મસર્રત કે સબ—જોશ દરયાએ રહમતને
આએગા કબ

શાફેએ રોઝે મહશર હય તેરા લકબ—ઉઠ કે દુન્યામેં મહશર
બપા હો ગયા.

૭૮૬

યા મુહલ્લાહ ઉનઝ઼ુર હાલના
યા રસુલલ્લાહ અસમઅ કાલના
ઈન્ની ફી બહરે ગમમેન મુગર કેન
ખુઝ. યદી સહહલલના અશ્કાલના

ફરયાદ

ખુદા પાકની તારીફ પછી

ડુરુદ સેલ્કુંછું આપની ઉપર અય આકાએ નામદાર, રુહી ફીદા, સરદારે અમબીયા, સરકારે મદીના:—

અય તાજદારે આલા આપની હિંદની ઉમ્મત તરફ નજ઼ર ફરમાવો, તે એક ગફ્લતની ઉંઘમાં સપડાઈ ગઇ છે, ખુ઼દાનો ખૌફ ખોઈ બેઠી છે, રબ઼નો રસ્તો ભુલી ગઇ છે, આપની મુહબ્બત એના દિલમાંથી નીકળી ગઇ છે, શરેના અહકામોથી એને નફરત થઇ ગઇ છે, ન તો એને ખિલાફત માટે ખ્યાલ છે ન તો ખલીફા માટે મરવા, ન તો કાબા શરીફની બેહુરમતી માટે ફીકર છે ન તે. આપના રોઝ઼ મુબારકની બેઅદબી માટે ગમ. આપના દીનના દુશમનો તેના ખુનના પ્યાસા બની બેઠા છે, ઈસલામની હરએક તરફ તોવહીન કરે છે, મોમીન ભાઈ-

ઓનિ કતલ કરે છે અને બહેનોની ઇજ્જત લૂંટે છે તોએ આપની આં ઉમ્મત કરવટ બદલતી નથી; દુન્યાની મુહબ્બતમાં ફસાઈ પડી છે અને દુનયવી જાહોજલાલી અને દૌલતની તાલેબ બની બેઠી છે. ઓ સરકાર આપના ફરમાન મુજબ અમારી હાલત કુતરા જેવી થઇ ગઇ છે. આપના વસીલા અને પરવરદેગારના રહમ સિવાય અમને બચવાનો કોઈ પણ રસ્તો રહ્યો નથી.

અર્જ

ઓ મોલા, આપે જીંદગીમાં તો આપની ઉમ્મતને કદી વિસારી નહોતી, તેની બખ્શેશને વાસ્તે આપે આખી આખી રાત બંદગી કરી દુઆ ચાહી હતી, આપના વહાલા નવાસાઓએ ઉમ્મતને ખાતર પોતાના પાક જાને કુરબાન કરી દીધા હતા, શું તેજ ઉમ્મતથી આજ આપ નારાજ થઇ ગયા છો? શું આજે આપ તેને છોડી દઇ તબાહ થવા દેશો? ના ના, સરકારે આલી, આપના નવાસાઓને વાસ્તે અને તેમના સદકામાં અમને એ તબાહીમાંથી બચાવો. પરવરદેગારને દુઆ કરો કે અમને હિદાયતનો રસ્તો પાછો દેખાડે, અમારી ગફલત દુર કરે, અમારા મન ઇમાનના નુરથી રોશન અને આપની મોહોબતથી ભરપુર કરે, ઇસલામી દર્દ અને જોર બખશે અને ઇસલામની મોહોબત આપે. આમીન.

અપીલ

મારા ગુજરાતના મુસલમાન ભાઇઓ અને બહેનોની ખીદમતમાં આપીલ કરૂં છું કે ખુદા અને રસુલને વાસ્તે જાગો. હવે ગફલતનો જમાનો ખતમ થયો છે, કયામતની નીશાનીઓ દેખાવા લાગી છે જીંદગીનો પલ ભરનો ભરોસો નથી, પરવરદેગાર સાથે કયામતનું જે સાટું કરી આપેલું છે તે પુરૂં કરો વખત ગયા પછી પાછો હાથ નથી આવતો અને તે માઅબુદના ફરમાન "યુસારેઉના ફીલ ખયરાતે વ ઉલાએકા મિનસ સાલેહીન" ભલાઇના કામો કરવામાં જેઓ જલદી કરે છે તેઓ નેક બંદા છે" તે પર જરા નજર કરો.

ખુદા વંદ કરીમે જે જમીન નબીએ-આખરિજ. જમાનને પેદા કરી પવિત્ર કરી હતી, જે જમીનપર પ્યારા નબિ તથા તેમના સહાબા અને મુહાજર અને અનસારોએ પોતાના પવિત્ર ખુન રેડી તૌહીદ ફેલાવી હતી તેજ સરજમીનમાં શીર્ક ખાલી દાખલ કરવા હાલ ઇસલામના દુશમનો પ્રયત્ન કરી રહ્યા છે જ્યાં તકબીર પોકારવામાં આવતી હતી ત્યાં તસલીસ બુલંદ કરવાની કોશેશ થઇ રહી છે, જ્યાં ઇસલામી આબાદ હતા ત્યાં મુશરેકોને વસાવવા માટે મુસલેમોની તબાહી થઈ રહી છે, જે અરબોએ તૌહીદ ફેલાવવા માટે અને બહાદુર તુર્કોએ તેને કાયમ રાખવા માટે પોતાના લોહી રેડી જે જમીન રંગી હતી તેજ જમીન આજે તૌહીદ મટાડવા માટે તેજ અરબો અને તુર્કોની આલાદના ખુન કરી રંગવામાં આવે છે.

હિંદમાંથી ઇસ્લામી રાજ ગયું તેની સાથે આપણું શિક્ષણ છોડી પરદેશી શિક્ષણ પાછળ દોડતા થઇ ગયા છીએ, ધાર્મિક શિક્ષણને નકામું જેવું સમજી અંગ્રેજી શીખવવામાં આબરૂ માનતા થઇ ગયા છીએ, થોડાક બેરીસ્ટર, ડાક્ટર કે વકીલ બન્યા અને થોડાકને કંઇ એ.દ્વાઓ મલ્યા જેથી મોટી ઇજ્જત ગણતા થઈ ગયા છીએ, પણ આખી કોમ તબાહ થતી જાય છે તે જોતા નથી. થોડા વરસો પહેલાં મેટ્રીક થયલાને જે નોકરી સહેલાઇથી મલતી હતી તેજ આજે મેળવવા બી. એ. થયલાઓને ઘેરે ઘેર ભીખ માગવી પડે છે, કોમની એકંદર સ્થિતી એવી નથી કે દરેક માણસ પોતાના બચ્ચાને બી. એ. સુધી ભણાવવા દીન પર દીન વધારવામાં આવતા કેળવણીના ખર્ચનો બોજો ઉઠાવિ શકે, થોડું ઘણું શીખવી આપણે શું મેળવ્યું છે? થોડું ઘણું અંગ્રેજી શીખેલાઓની હાલત શી થાય છે? એમનામાં ધાર્મીક લાગણી ઘણાજં થોડાઓમાં જોવામાં આવે છે પણ તકબ્બુર વધારે જણાઈ આવે છે, પોતાના બાપદાદાના ધંધાને પણ હલકું ગણતા અને તેમને મદદ કરવામાં એબ માનતા જણાય છે પણ ફેશનની શોખીનીમાં ફંસાઇ પૈસાનો ધુમાડો કરવામાં મ્હોટાઇ ગણે છે અને ધાર્મીક ફરમાનોથી ના ફરમાન બને છે.

આપણી હાલની સ્થિતી કંગાળીના ટોંચે પહોચી ચુકી છે અને તેનુ મુખ્ય કારણ આપણે છોડેલા ધર્મના રસ્તાનું છે. હાલની અંગ્રેજં રાજનિતી પ્રમાણે ચાલતી શાળાઓમાં આપણે મજહબી શિક્ષણ અપાવી તો નથીજ શકતા પરંતુ એ રાજ

તરફથી સ્થપાયલી સ્કુલો અગર મંજુર થયલી સ્કુલોમાં યુનીવર્સીટી અથવા કેળવણી ખાતા તરફથી જે પુસ્તકો મંજુર થઈ ચલાવવામાં આવે છે તેમાના ઘણાઓમાં આપણા બુજરગોને ઉતારી પાડનારા લખાણો હોય છે એટલુજ નહિં પણ એવા એક માંતો ખુદ આપણા નબીયે પાકને "જુઠા પેગમબર" લખી અપમાન કરવામાં આવે છતાં આપણે આપણા બચ્ચાઓને એવી તાલીમ આપવાનું પસંદ કરી ગુન્હેગાર થઇએ છીએ. હોંદસો વરસથી એવી રીતે આ મીઠા ઝ.હેરથી આપણા ઈમાનની ખરાબીની કોશેશ થઈ રહી છે, આપણે આંધળા બની એ ઝ.હેરમાંથી પીતા રહ્યા છીએ અને હવે કેટલાકો ઉપર એના નીશા (કેફ)ની અસર થતી જતી હોય એમ લાગે છે. તેરસો વરસમાં ઇસલામ ઉપર એવી આફત કદી નહીજ આવેલી, અને તેથીજ ઈસલામની ખીદમત કરવા એનાથી બીજી સારી તક આપણે માટે હોઇ શંકજ નહિં. ઇસલામનો બચાવ કરનાર તો બેશક પરવરદેગાર છેજ પણ એનો આપણા મુસલમાન હોવાના દાવાની કસોટી થઇ રહી છે, સખત મુસીબતો માથે આવી છે અને એનાથી વધારે સખત તો હજી આવશે જેને માટે ધન, દોલત, ખેતી, વાડી, જાન અને માલના ભોગો આપવા પડશે એની સાથેજ એના ફળોની પણ બશારત કુરાને પાકમાં મોજુદ છે કેઃ—

યા અયયુહલ લઝી.ના આમનુસ તઇનો બીસ સબ્રે વસ સલાત ઇનલ્લાહા મઅ.સસાબિરીન. (વલાતકુલો લેમન યુકતલો ફી સબીલિલ્લાહે અમવાતુન બલ અહ.યાઉન વ-

શાકીનલા તશાઉરૂન. વલનબલુવન્નકુમ બિશયનઇ મેનલ ખૌ.ફે વલજુએ. વ નક.સીન મેનલ અમવાલે વલ અનફેસે વસ.સ.મરાતે વ બશશેરેસ 'સાબેરીનલલઝી.ના ઇઝા અસ.ાબતહુમ મુસીબતુન કાલુ ઈનના લિલ્લાહે વ ઈનના ઇલયહે રાજેઉન.

અય ઈમાનવાલો મુસીબતના વખતમાં સબર કરો અને નમાજ. પઢો અલ્લાહ સબર કરવા વાલાનો હામી છે અને જેઓ અલ્લાહના રસ્તામાં મારયા ગયા છે તેમને મુવેલા નહિ કહો તે તો જીંદા છે પરંતુ તમે તે જાણુતા નથી. અને જરૂર તમને કેટલેક દરજ્જે બીક કે ધાસ્તીથી અને ભુખમરાથી અને તમારા માલ, જાન અને ખેતીના નુકસાનથી અજમાવવામાં આવશે કે તમે સબર કરનારા છો (કે નહિં) એવા સબર કરનારાઓને ખુશખબરી આપવામાં આવે છે કે જયારે તેમની ઉપર કાંઇ મુસીબત આવી પડે છે ત્યારે તેઓ કહે છે કે અમે તો અલ્લાહનાજ છીએ (તેને જે ચાહે તે કરવાનો અધીકાર છે) અને અમે તો એની તરફજ પાછા જવાવાલા છીએ.

ઇસલામને મટાડવાની કોશેશ કરનારા સેંકડો હજારો મટી ગયા અને મટી જશે પણ જયારે આપણુને પરવરદેગાર કુરાને પાકમાં હુકમ આપે છે કે " નમાજ. કાયમ કરો, જકાત અદા કરો, નેકી કરવા હુકમ આપો અને બદીને અટકાવો " ત્યારે શું આપણે એ પવિત્ર ફરજ છોડી દઇ બે ઈમાન થવું ? આપ-

ણા કેટલાક મુસલમાન ભાઇ બહેનો નમાજ અને રોજાની નીયયત સરખી પણ જાણતા નથી અને આપણા ખુદ બચ્ચાઓ શરે વિરૂદ્ધના કેટલાક કામો સારા સમજી કરે છે તો શું આપણી ફરજ નથી કે એમને ખુદા અને રસુલ તરફ દોરવવા કોશેશ કરવી ?

ગુજરાતમાં ખાસ એવી એક સંસ્થાની જરૂર છે જયા પેટ-ભરવા માટેજ અગર ઇલમ વેચવા માટેજ નહિં પણ ખુદા અને રસુલના નામ ઉપર પોતાની જીંદગી વકફ કરી શરેના અહકામો જાહેર કરવા અને શીખવવા તૈયાર હોય તેવાઓને તાલીમ અને તરબીયત આપી શકાય અને તેની સાથે આપણો મોટો ભાગ વેપારી અને મેહનતનો હોવાથી એવી ગોઠવણ હોવી જોઇએ કે આપણાં બચ્ચાંઓને દીની અને ઉર્દૂની તાલીમ આપવામાં આવે, હુનર ઉદ્યોગ શીખવવામાં આવે, વહેવારમાં ઉપયોગી થાય તેવું ગુજરાતી અને અંગ્રેજી શીખવવામાં આવે, અને બચ્ચાઓ ચુસ્ત ઇસ્લામી અને તેમની જીંદગી નમુનેદાર બનાવી શકાય.

એ ફરજ અદા કરવા એક અનજુમનની સ્થાપના થવી જોઇએ.
(૧) એનું નામ " અનજુમને ખુદ્દામે સરકારે મદીના " રાખવું
(૨) એના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે રાખવા

૧. ઇશાઅતે તૌહીદ, ૨, દીનના અહકામોનો પ્રચાર, ૩,. શરેના અહકામોની પાબંદી માટે ઉપદેશ, ૪,, કોમની

તરાફી માટે પ્રયત્નો અને, ૫, હીની તાલીમ સાથે ઉર્દુ, ગુજરાતી. અંગ્રેજી અને હુનર ઉદ્યાગનુ શિક્ષણ.

(૩) એના મેમ્બરોના બે ભાગ રહેશે.

પહેલા. જેઓ. પોતાનુ બધું ખુદા અને રસુલના નામ પર નિસાર કરી પોતાની જીંદગી ઇસલામના ફેલાવા અને રક્ષણ માટે વકફ કરે

બીજો. (જનરલ) આમ મેમબરો. અને એમાં ત્રણ વર્ગો હશે:—

૧. જીંદગી સુધીના મેમબરો
જેઓ રૂ. ૧૦૦) સો અગર વધારે એકી વખતે ભરે.

૨. ખાસ વર્ગ.

જેઓ સાલાના ફી રૂ. ૧૦) દશ અથવા વધારે આપે તે. અને

૩. આમ વર્ગ.

જે સાલાના ફી રૂ. ૧) એક ભરે.

(૪) અંજુમનની દાખલ થવાની ફી રૂ. ૧૦) રહેશે.

(૫) અનજુમનનો કારોબાર મેમબરો તરફથી ચુંટાયલી કમીટી નીચે લખેલ: મુખ્ય સિદ્ધાંતો પ્રમાણે કરશે:—

૧. તાલીમ અને તરબીયત માટે નેક માણસોનેજ રાખવા અને ખાસ દીની તાલીમ માટે તો એવાજ માણસો હોવા જોઇએ જે બુજરગાને દીનના જેવી સાદી અને પવિત્ર જીંદગી ગુજારતા હોય.

૨. ઇલમ અને હુનર વેચવા નહિં એટલે તે શીખવવા માટે ફી ન લેવી. કારણ કે અલ્લાહ ફરમાવે છે. " વલા તશતરૂ બે આયાતી સમનન કલીલા "

૩. હાલ જેટલા વખતમાં મેટ્રીક થયલા બચ્ચાઓને જેટલું જ્ઞાન મળે છે તેનાથી વધારે જ્ઞાન અને તરબીયત તેનાથી ઓછા વખતમાં મલે એવો બંદોબસ્ત રાખવો.

૪. તાલીમ ઉર્દુ મારફતે આપવી.

૫. જે બચ્ચાઓ મદરેસામાં રહીનેજ શીખવા માગતા હોય તેમને વધારે પસંદગી આપવી.

(૬) ગરીબ અને તવંગરોના બચ્ચાઓમાં ફરક ગણવો નહિં.

(૭) મકાનો અને અસબાબ માટે ઇસરાફ ખર્ચ રાખવો નહિં.

એ, ખુદા અને રસુલ તરફની આપણી એક ફરજ છે તે અદા કરવામાં આપણે ગફલત નહિંજ કરી શકીએ કારણ કે

" જા.લેકા બેઅનનફુસુસ તહ.બ્બુલ હ.યાતદ દુન્યા ફઅલલ આખે.રતે વ અનનફ્સાહા લા યહોલ શેવમેલ કાફે-

રીન. ઉલાએકલ લઈ.ના તબઅ્.લલ્લાહો અ.લા કુલુબેહેમ વ સમએહેમ વ અબસારેહેમ વ ઉલાએકા હુમુલ ગાફેલુન

એવી રીતે જેઓ દુનયવી જીંદગીને આખેરતની જીંદગી કરતાં વધારે પસંદ કરે છે (તેવાઓ ઉપર અલ્લાહનો ગઝ.બ થાય છે) અને કાફરોને અલ્લાહ હીદાયત નથી આપતા. એજ લોકોના મનો ઉપર અને કાનો ઉપર અને આંખો ઉપર અલ્લાહે મોહોર કરી દીધી છે અને તેઓજ ગાફેલ છે.

એ પ્રરમાન કુરાને પાકમાં આપણે વાંચીએ છીએ.

પોતાના દેશને માટે બે લડાયક આગબોટોની જરૂર હતી તેને માટે જોઈતા પૈસા પુરા કરી આપવા આપણી તુર્કી બ્હેનોએ પોતાના માથાના બાલ કપાવી આપી ને વેચીને પૈસા પુરા પાડયા અને આગબોટો બંધાવી આપી (જે માયાળુ અને ઇન્સાફી અંગ્રેજ સલતનતે લડાઈ પહેલાં ખુંચવી લઇ પૈસા સુદ્ધાં પાછા ન આપ્યા), છેલ્લી લડાઈ વખતે હજારો યુરોપીયનોએ પોતાના દેશને માટે પોતાના જાનમાલ ખુવાર કરી દીધા હતા અને આજે બંગાલમાં સેંકડો ભાઇઓ આપણા આ હિંદને માટે પોતાના સર્વસ્વની કુરબાની આપી રહ્યા છે.ત્યારે શું મારા મુસલમાન ભાઇઓ ખુદાનો ફરમાન "**ઈન નલ્લાહસ્તરા મેનલ મોમેનીના અનફુસાહુમ વ અમવાલુહુમુલ જન્નહ.**" એટલે મોમીનોના જાન અને માલ જન્નતના અવેજમાં અલ્લાહે બેશક ખરીદ કરી લીધાં છે અને તેથી તે અમારા નહિં પણ પરવરદે-

ગારના છે એમ માને છે, અને આપણા વડીલોએ પોતાના જ માલ રસુલે કરીમના જમાનામાં કુરબાન કરી "ફેદા રસુલે અબી ફીદા કરફી "નો પાક સબક શીખવેલો છે તે મુસલમાન ભાઇઓ પરવરદેગારની તે અમાનતમાં શું આજે ખીયાનત કરશે? શું ગુજરાતમા થોડાક એવા મુસલમાનો નથી રહ્યા જે પોતાના નબીના નામપર આ ફાની જીંદગી કુરબાન કરવા તૈયાર થાય? શું ઇસલામની આ ખાસ ખીદમત કરવા મુસલમાન ભાઇ બહેનો પોતાની દોલતમાંથી થોડું પણ આપવા ચુકશે

મને તો ખાત્રી છે કે ગઈ ગુજરી આ ગુજરાત હજી મુસલમાનોથી ખાલી નથીજ થઈ ગઇ. રસુલે પાકના સદકામા હજુ એવા ઘણા મોજુદ છે જે પોતાના જાનમાલ કુરબાન કરવા તૈયાર છે અને તેઓ "લબ્બેક" કહી

"નહનુ અનસારૂલ્લા હે આમનના બીલ્લાહ વશહદ બે અન્ના મુસલેમુન" એટલે અમો અલ્લાહના (આના રસુલ અને કલમાના) મદદગાર છીએ, અમો ખુદાપર ઈમાન લાવ્યા છીએ અને (અય નબી) આપ શાહેદ રહો કે અમે તાબેદાર છીએ,

અમ પોકારતા જરૂર બહેર પડશે.

એ પરવરદેગાર તું કરીમ છે. રહીમ છે, તારી રેહમતના દરવાજા ખોલ, અમને હિદાયત આપ, અમારા હાથમાંથી છુટી ગયલી તારા ઇસલામની દોરી અમને પાછી

પકડાવ, દીનપર અમને મજબુત કર અને શરે મુહમ્મદી (સ. અ. વ. સ.) પર ચાલવા તું અમને તોફીક અને તાકાત આપ. આમીન.

યા રબ્બુલ આલમીન.

સુરત. તા. ૧લી જમાદીયુલ આખેર સને ૧૩૩૬ હીજરી	ખાદીમે ખુદદામે સરકારે મદીના અહમદ બીન સૈયદ મુસ્તુફા અલ એદરૂસ.

પુરતી સંખ્યામાં મેમબરો થાય અને ઓધેદારો અને કમીટીની ચુંટણી કરે ત્યાં સુધી નીચે લખેલા ભાઇઓએ મેનેજીંગ કમીટી તરીકે કામ કરવા કબુલ્યું છે.

૧ જનાબ મોલવી સૈયદ ગયાસુદદીન સાહેબ
૨ ,, હાજી સૈયદ હમીદુદીન ,,
૩ ,, મુહમદ અફઝલ નરમાવાળા ,,
૪ ,, હકીમ અહમદ સઇદ ,,
૫ ,, ,, મુહમદ મુસા. ,,
૬ ,, ,, મુહમદ મસઉદ ,,
અને ૭ ,, શેઠ અબ્દુલ્લા કાસમભાઇ સાહેબ.

